**પ્રધાનમંત્રી અને બ્રિટનના પ્રધાનમંત્રીએ ભારતીય અને બ્રિટિશ ઉદ્યોગપતિઓ સાથે મુલાકાત કરી (24 જુલાઈ, 2025)**

24 જુલાઈ, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને બ્રિટનના પ્રધાનમંત્રી, મહામહિમ સર કીર સ્ટારમરે આજે ઐતિહાસિક ભારત-બ્રિટન વ્યાપક આર્થિક અને વ્યાપાર કરાર [CETA] પર હસ્તાક્ષર કર્યા બાદ ભારત અને બ્રિટનના ઉદ્યોગપતિઓ સાથે મુલાકાત કરી. બેઠકમાં હેલ્થ, ફાર્માસ્યુટિકલ્સ, રત્ન અને આભૂષણ, ઑટોમોબાઇલ્સ, ઉર્જા, મેન્યુફેક્ચરિંગ, ટેલિકોમ, ટેકનોલોજી, IT, લોજિસ્ટિક્સ, ટેક્સટાઇલ્સ અને નાણાંકીય સેવા સેક્ટરના બંને પક્ષોના અગ્રણી ઉદ્યોગપતિઓ હાજર હતા. આ ક્ષેત્ર બંને દેશોમાં રોજગાર સર્જન અને સમાવેશી આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપે છે.

2. બંને નેતાઓએ તાજેતરના વર્ષોમાં દ્વિપક્ષીય વ્યાપાર અને રોકાણ સંબંધોમાં વિસ્તરણનો ઉલ્લેખ કર્યો. ઉદ્યોગપતિઓ સાથે વાતચીત દરમિયાન તેમણે વ્યાપાર, રોકાણ અને નવાચાર ભાગીદારીને ગાઢ બનાવવા માટે CETA દ્વારા મળતી તકોનો સંપૂર્ણ લાભ લેવા પ્રોત્સાહિત કર્યા. દ્વિપક્ષીય સહયોગને વધારીને આર્થિક વિકાસને ગતિ આપવાની સહિયારી પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરતાં, તેમણે કહ્યું કે, આ નવો કરાર બંને અર્થવ્યવસ્થાઓ અને વૈશ્વિક આર્થિક પરિદ્રશ્યમાં વ્યાપારિક ભાવનાનાને પ્રોત્સાહન આપશે. CETA ના મૂર્ત લાભો પર પ્રકાશ પાડતાં, બંને નેતાઓએ બંને દેશોનાં મુખ્ય ઉત્પાદનો અને નવીનતાઓની એક પ્રભાવશાળી શ્રૃંખલા પ્રદર્શિત કરી. પ્રદર્શનોમાં રત્ન અને આભૂષણ, એન્જિનિયરિંગ સામાન, ગુણવત્તાપૂર્ણ ઉપભોક્તા ઉત્પાદન અને ઍડવાન્સ્ડ ટેક્નોલોજીકલ સોલ્યુશન્સ શામેલ હતાં.

3. ભારત-બ્રિટનના ઉદ્યોગપતિઓએ ઐતિહાસિક વ્યાપાર કરારની પ્રશંસા કરી અને આશા વ્યક્ત કરી કે તે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીમાં નવા યુગની શરૂઆત કરશે અને માત્ર વ્યાપાર અને અર્થતંત્રમાં જ નહીં, પરંતુ ઉભરતી ટેકનોલોજી, શિક્ષણ, નવીનતા, સંશોધન અને સ્વાસ્થ્ય ક્ષેત્રોમાં પણ સહયોગને વધુ ગાઢ બનાવશે.

4. બંને નેતાઓએ નવા કરારની ક્ષમતાનો ઉપયોગ કરવા અને આવનારા વર્ષો માટે આર્થિક સહકારના બંધનને વધુ ગાઢ બનાવવા માટે વ્યવસાયો, નાના અને મોટા વ્યવસાયોને સમર્થન આપવા માટે તેમની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી.

લંડન

24 જુલાઈ, 2025